# પવન રૂપેરી (૧૯૭૨)



# ક્યાં છો ચંદ્રકાન્ત?

ક્યાં છો ચંદ્રકાન્ત? તમે ક્યાં છો? ક્યાં છો?
તમારા આ બોલાયેલા – લખાયેલા શબ્દો,
 – એમાં તમે નથી, તમારી છે છાયા;
 – જેને તમારું ના સ્હેજે અભિજ્ઞાન.
ચંદ્રકાન્ત!
તમોને ભુલાવી દેતા તમારા અરીસા
 – એને તોડીફોડી કેમ નથી દેતા?
તમારી જ આરતીને સહી લો છો શાને?
 કેમ ફૂંક મારી હોલવી ના દેતા?

તેજના તમિસ્રમાંથી નીકળો રે બહાર,
તમારું જે રૂપ, જુઓ તમારીયે પાર!

શ્વાસથી ઉચ્છ્‌વાસના ઝૂલાએ રોજ ઝૂલો,
 કદી અંતરાલે માંડી ખરી મીટ?

કોનો લય, કોની ગતિ, કોનું રૂપ
 – જેનો આમ નિષ્પંદ શો છંદ ઊંડો નસે નસે ચાલે?

ફૂલ જેમ હસો છો ને કરો છો કલ્લોલ!

તમે જાણો છો?
– અનંતમાં જે અંતે તમે ઝૂલો
 એ કાળના તરુની કોણ ડાળ?

'ચંદ્રકાન્ત' નામની ધજાઓ જ્યાં ચઢાવી,
 એ જ મંદિરે ના જાણે કોઈ 'ચંદ્રકાન્ત' કોણ!
ચંદ્રકાન્ત, તમોએ જે ઉછેર્યું એ ઘર,
 એ જ જાણે નહિ 'ચંદ્રકાન્ત' કોણ!

'ચંદ્રકાન્ત' નામના જે રાજપથે ચાલો
 એને તમારાં ના પગલાંની જાણ.
ઢગ ઢગ ફૂલોએ જે પામ્યા તમે માન,
 એમાં તમારા જ સ્મિતની ના શાન.

'ચંદ્રકાન્ત' નામની દીવાલો ઓઢી ઓઢી
 તમે શ્વાસે શ્વાસે મમી થતા ચાલ્યા!

'ચંદ્રકાન્ત' – એ જ તમે એમ માની–ચાલી,
ભલા ખુદનેય દૂર ઠીક રાખ્યા!

'ચંદ્રકાન્ત' નામ પઢ્યા પોપટની જેમ
તોય,
મરચાના જેટલીયે
ચાંચને તમારી પૂછો,
'ચંદ્રકાન્ત' નામની પિછાન છે કે કેમ?
'ચંદ્રકાન્ત' નામ માટે
શબ્દોના મિનારા ચણ્યા,
સંબંધોનાં જાળ વણ્યાં,
પરઘેર પાણી ભર્યાં,
રંગલાના વેશ કર્યા,
સાત સાત પૂછડાં ઉગાડ્યાં ને કપાવ્યા કર્યાં!

કેટલાયે કૅમેરાની આંખો પ્હેરી,
અંધકારો આંજી આંજી,
પ્રકાશોથી રંગી રંગી,
પ્લેટોમાં ઠાંસી ઠાંસીને,
ચંદ્રકાન્તો ચારેકોર મૂકી મૂકી જોયા;
ચંદ્રકાન્ત પાના જેવા સાવ કોરા!

ચારેકોર ચંદ્રકાન્તો
ખીચોખીચ
કીડિયારાં રચી રચી જીવે,
– એમાં હું જ હોઉં એવો સાચો
એક તો બતાવો મને
ચંદ્રકાન્ત ક્યાં છે?
ક્યાં છે?
ક્યાં છે?

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૧-૩)*

# મન ખવાતું જાય છે...

મન ખવાતું જાય છે...
સૂર્ય આંખોમાં ઘસાતો જાય છે,
મન ખવાતું જાય છે...

પ્રત્યેક પલ આ ટાંકણીની જેમ ભોંકાતી જતી,
વાટ ઊંડી શૂન્યતાનો શેરડો પાડી જતી,
હાથ બે મળતાં વચાળે બરફ બસ, પીગળી રહ્યો,
ચાર આંખે બદ્ધ અવકાશે હવે તો
ચંદ્ર કોઈ હાડ હાડ ગળી રહ્યો!
આંસુ મારી નજરને ચોંટ્યું : ઊખડતું એ નથી!
હાથ પહોળા થૈ શકે પણ,
કોઈ પંખીનું ગગન ખૂલતું નથી.

હર ઘડી લાગ્યા કરે :
ઘણ-ઘાવ કો ચાલી રહ્યા – હું સાંભળું;
કોઈના હૈયે ઊંડે ઊતરી રહ્યો ખીલો
– અને એ હું કળું!

ફૂલની આંખે ભીતર જે વેદના,
કંટકોની ટોચ પરથી ઊભરે;
ચૂચવે છે ચક્ર, એનો જે ઘસારો,
એકધારા શ્વાસમાં આ નીતરે.

ડગલે અને પગલે
ઊંડે આ રક્તમાં ફાટી પડેલા વૃક્ષનું
પાન શાખાથી વિખૂટું થાય છે;
ભીતરે અંધારમાં ઝૂલતું અમરફળ કોકનું
પિંગળાની ભૂખથી ભરખાય છે;
મન ખવાતું જાય છે...

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૫)*

## ખખડે – સુણું

મનના ખાલી ગોળા ગબડે – ખખડે,
માંડ બિડાવા કરતી આંખે
      ધાતુની બે કીકીઓ ખખડે,
આંગળીઓમાં ખખડે લીલા ફળની સુક્કી યાદ,
અને લોહીમાં ખખડે કોરાં પાંદ, કાંકરા, કાંટ.
ઉંબર પરથી ફરી ગયેલાં પગલાં પંથે ખખડે,
આંખોમાંથી ખરી પડેલાં આભ હવામાં ખખડે,
બંધ બારણે સેજે વાસી રાત અટૂલી ખખડે,
અશ્રુધારથી વીંધી વાતો પીળી પીળી ખખડે.
સપનાંનુંયે સુખ હતું તો ક્યાં છે?
ભર્યા નેહનો પડઘો લીલો ક્યાં છે?
પ્હાડ સમાણા પ્હાડ ઓગળી બેઠા!
સામે નર્યા સીમાડા ઊકળે!
આંગણ મારે છોડ અગનના ઊતરે!
જે ઘરની છાયામાં મારો દિવસ ગુજારું
તે આ ઘરને મોભે
      કૈંક દિવસનો ભૂખ્યો સૂર્ય લટકતો!
ઘરનો જાણે દરેક ખૂણો ભડ ભડ બળતો!
જોતાં નજર સળગતી – એને કેમ બુઝાવું?
હોઠ સુધી અડતી જે ઝાળ,
      કેમ કરી હડસેલું?
આંખ દઝાતી બંધ કરી હું,
      તિમિરલોહનો શીત ખંડ તે
            મૂકી પોપચે
                  મથતો ટાઢક લેવા;
મારી ગળી જાય છે રોમ રોમથી
            રહીસહીય ભીનાશ,
કૂજે ભરેલ ઢળી જાય છે મારો શેષ ઉજાશ.
હવે તો ખોપરીઓમાં મેઢાં બબડે, સુણું
શબ્દોના ઠળિયાની આ એકલતા ખખડે, સુણું,
પલ પલ પારા જેવી,
      મારા હાડ મહીં ટકરાતી, કણ કણ પથરાતી તે સુણું,
સુણું કરડ કરડ રે કૈંક ચવાતું
            રાતદિવસ કો' કરાલ દાઢે
                  ભીતર મારે ક્યાંક!

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૬-૭)*

# એક ઈંટ જો હાલે...

આટઆટલી ભીંતો વચ્ચે
અવાજ મારો ભટકાતો ભાંગીને ભુક્કો થાય!
ઊડવા કરતું આભ ભીતરનું,
છતની સામે પાંખ પછાડી,
ઢગ પીંછાંમાં વીખરાતું આ ચરણ તળે ચગદાય;
અને હું છિન્ન અવાજે સાદ કરું શેરીની વચ્ચે :
　　'કોઈ મને છોડાવો
　　રે કોઈ રસ્તાઓના ભરડામાંથી
　　　　　મારા ચરણ મુકાવો.'
રોજ રોજ આ ભીંત મહીંથી ફૂટે ભીંત હજારો,
પગ ચાલે ને લાગે :
　　મારી સાથે ચાલે ઈંટ હજારો!
નીલ ગગનનું ઊડતું પંખી, દૂર – દિવસની પાર;
એકલ મારા મનની ડાળે અંધકારનો ભાર.
કોઈ એક ઝાકળનું બિન્દુ ક્યાં છે?
– જે આ લુખ્ખી આંખે મોતી થૈને નિર્મલ ચમકે.
કોઈ એવું રે જલનું બિન્દુ ક્યાં છે?
– જે આ
　　ઈંટમાં બાંધ્યા
　　મરી ગયેલા
　　તડકા જેવા ઘેરા
　　મારા માટીના ચહેરામાં ઊતરી ફરકે.
　　શ્વાસે શ્વાસે નિઃશ્વાસો પડઘાય,
　　પિરામિડોના થર પર થર પથરાય.

એક ઈંટ જો હાલે,
　　　　આખું નગર હલાવી નાખું;
પલકારામાં પિરામિડો પાધરમાં પલટી નાખું...
સૂરજ ક્યાં છે?
સૂરજ, આપો એક જ કરનો સાથ;
　　કદાચ મારો ખડી ગયેલો હલે ફરીથી હાથ...
　　　　　　　　　　ને હું...

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૧૨-૧૩)*

# ચણીબોર ચાખીને

ચણીબોર ચાખીને ચાખ્યો સમય,
હવે તો શબ્દે શબ્દે એની મીઠી વાત કહેવી...

આંખોમાં ખૂંચે છે રજકણ.
આંખે ખારાં પાણી,
પણ અમને તો ભઈ, ખુશી
    ગરેલાં ચણીબોર બેચાર મળ્યાં-ની!

ઉજ્જડ ઉજ્જડ વગડો
ને લુખ્ખું લુખ્ખું આભ,
બરછટ બરછટ હાથ,
પણ ચણીબોરનો લાભ!

ઝાઝા ઠળિયા,
ઝાઝી છાલ,
થોડાં લિસ્સાં બોર
કાંટાળી કૂડી જાળ!

અમારો રસ્તો ખોટો નથી!
અમારો નિષ્ફળ આંટો નથી!

ચણીબોર ચાખીને ચાખ્યો સમય,
હવે તો ડગલે પગલે ચણીબોરની વાતો વ્હેવી!

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૨૪)*

# ખુલ્લી હોય હથેલી

ખુલ્લી હોય હથેલી
ખુલ્લો ચારે ગમ અવકાશ,
ખુલ્લા મનને ખૂણે ખૂણે
ઢગ પંખીનો વાસ!

પંખીડાં આ ફરરરરક્ કરતાં
      જાય ઊડ્યાં... ઓ જાય...!
પાછળ કસબી કોર કશી તડકાની તગતગ થાય!

વાટ મૂકી જ્યાં ચરણ ચલ્યાં, પગલીએ ઠેકી વાડ!
આ ગમથી જો ઝરણ મળ્યાં, તો ઓલી ગમથી પ્હાડ!

ઝરણાંને હું પગમાં બાંધી નાચું,
માથે મેલી પ્હાડ છમકછૂમ નાચું,
અને ગુંજીને
એવી ફૂલના મનમાં મૂકું વાત...
      રાત પડે તે પહેલાં
      રમવા લાગી જાય પ્રભાત!

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૨૮)*

# અંધકારનો પવન રૂપેરી

અંધકારનો પવન રૂપેરી આવે,
હરિયાળાં મેદાન ફરકતાં આવે,
ઝાકળનાં મોતીના અઢળક મેઘ,
શય્યાની ચોગમ ઝબકીને હસતા ચાંદ અનેક:
દીવાલ સઘળી અંધકારના ફીણ મહીં ફેલાતી,
બારીમાંથી શય્યા સામે સીમ લગી લંબાતી!
શય્યાથી મેદાન હવે શું દૂર?
પાંખોથી આકાશ કેટલું દૂર?
હાથ જરા જો થાય ઊંચો તો હવા મહીં ઓ દ્રાક્ષ!
હોઠ જરા ફરકે તો ગીતનો અડી જાય રે સ્વાદ.
પ્હાડ બધા ધુમ્મસના તરતા પડખામાંથી સરતા,
એકલતાના ડંખ ફૂલ થૈ પારિજાતનાં ખરતા.
ગરમ લોહીનાં ઊછળે રાતાં ફૂલ!
શ્યામ લટોમાં ડોલે લિસ્સા મણિધર મુક્ત પ્રફુલ્લ.
હોઠ મહીં રે હોઠ ઓગળી જાય,
આંગળીઓનાં સ્નિગ્ધ ટેરવે જ્યોત ફૂટતી જાય.
અંધકારનો પવન રૂપેરી વાય;
કાળમીંઢ કો ખડક રેશમી કપોતમાં પલટાય.
કપોત કેરી શ્વેત હૂંફનો શય્યામાં સંચાર,
રોમ રોમમાં વ્યાપે એના ઊડવાનો વિસ્તાર.

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૪૧)*

## પંખી

પંખી કો' આંધળું,
ભીતરે વર્ષ કૈં કેટલાં-થી વસ્યું,
ખાલી ઈંડું જ સેવ્યા કરે છે;
પાંગળી પાંખથી સ્હેજ ઊડી–પડી
તણખલે ગગન બાંધ્યા કરે છે.

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૬૧)*

## રસ્તો ક્યાં છે?

બ્હાર નીકળવું મારે,
　　રસ્તો ક્યાં છે?

પાંખ નથી રે પીંછાં પીંછાં,
ડાળો વચ્ચે પિંજર દીઠાં,
એક વિહગને બહાર જવું છે,
　　નભમાં બારી ક્યાં છે?

છીપની દીવાલ બંધ,
　　કણ રેતીનો,
　　　　સહરા જેવો.

સ્વાતિનો આ સમય
　　આખુંયે આભ ઊજડ્યા જેવો.
આંખોમાં તરફડતાં મીન,
જનારના પડછાયા વાગે, ભીતર ઊતરે ખીણ :
ઊભા રહો તો જાવ ચણાતા,
　　ચાલો તો વીખરાતા!
દરિયાનાં મોજાંય મગર થૈ મરજીવાને ખાતાં!

કાંઠો હોડી ગળી રહ્યો છે...
ભીંત ભીતરને ગળી રહી છે...

પથ્થર! મોઢું ખોલી બોલો, રસ્તો ક્યાં છે?
તમે અહીં જ્યાંથી આવ્યા તે રસ્તો ક્યાં છે?

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૬૪)*

# ચંદ્રકાન્તનો ભાંગી ભુક્કો કરીએ...

ચંદ્રકાન્તનો ભાંગી ભુક્કો કરીએ.
એના મનમાં ખાલી સમય સડે છે.

ચપટી નભ ને ચપટી માટી,
ચપટી વાયુ, ચપટી તેજ,
જરા મળ્યો જે ભેજ,
 – બધુંયે વ્યર્થ વ્યર્થ બગડે છે
 દેશકાળને દર્પણ એના ડાઘ પડે છેઃ
 ચંદ્રકાન્તનો ચ્હેરો ભૂંસી દઈએ;
  એને વેરવિખેર કરીને આ ધરતીમાં ધરબી દઈએ.

ભારેખમ એ ખડક,
 નથી ઊછળવાનો મોજાંથી;
વરસે વાદળ લાખ,
 છતાં કોરીકટ એની માટી!
વંટોળો ફૂંકાય
 છતાંયે એનો સઢ ના હવા પકડતો!
 લંગર પકડી એ તો લટક્યા કરતો!

શ્વાસ કરોડો ઢીંચી,
પડછાયા સેવ્યા છે એણે આંખો મીંચી.

ચંદ્રકાન્તના મન પર લીલ ચઢી છે;
એક માછલી વરસોથી કો ગલમાં બદ્ધ પડી છે.

કેટકેટલી તરડ પડી છે, જ્યાં જ્યાં એનાં ચરણ પડ્યાં ત્યાં!

ચંદ્રકાન્તથી હવા બગડશે,
  જલમાં ઝેર પ્રસરશે.
એનાં જે ખંડેરો – એને ખતમ કરી દો વ્હેલાં પ્હેલાં.
એને અહીંથી સાફ કરી દો વ્હેલાં પ્હેલાંઃ
એની આંખે સૂર્ય પડ્યા છે ખોટા,
 અને ત્યારથી દિવસ પડ્યા છે ખોટા,
   ખોટી રાત પડી છેઃ

ચંદ્રકાન્તને ઝટપટ હળથી ભાંગી ખેતર સપાટ કરીએ,
ચંદ્રકાન્તને ભાંગી કણ કણ ખલાસ કરીએ...

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૬૮)*

# રાત્રી થતાં...

રાત્રી થતાં જગત ઊજળું જાય ડૂબી,
અંધારનાં ફરી વળી જળ લે ઉછાળા :
કૈં ઊજળા થર ચઢ્યા મુજને યુગોના
ધોવાઈ જાય : છતું થાય સ્વરૂપ મારું
પ્રાચીન અશ્મ-યુગનું : ઘર મારું લાગે
ઊંડી ગુહા : ઘરની એકલતા રડે છે
કો' શ્વાન જેમ મુખ ઊર્ધ્વ કરી નિશાએ.

શી પ્રેતની ગુસપુસો મુજ આજુબાજુ
ને આ હવા પરશતાં લહું : ગંધ મીઠી
લે મારી હિંસ્ર પશુ કો' કરી નાક ઊંચું,
રે એ જ આ પશુ હવે મુજમાંથી આવે
ધીમે બહાર : ડગલે દૃઢ ચાલ્યું આવે
મારા પ્રતિ : સ્થિર વિલુબ્ધ દગે મને જ
તાક્યા કરે...!
કૈં કેટલાય યુગથી
આમ જ એ મને તો તાક્યા કરે...!

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૧૦૮)*

# એક ઉંદરડી

આ એક ઉંદરડી
બ્રેડમાં પેસે,
મીઠાઈના ખોખામાં ફરે,
સ્ટ્રૉથી પેલા કાચના કબાટમાં મૂકેલી કોલા પીએ,
છટકીને ટૉકિઝનાં બંધ બારણાંની તરાડમાંથી અંદર ઘૂસે,
ને કોઈની આંખની સૂની બખોલમાં બેસી
ચટકે મટકે ફિલિમ જુએ...
ફિલિમ જુએ ને પાછી તક મળે તો
કોઈની સુંવાળી પાનીને અંધારામાં અડીયે લે!
પાછી કોઈના બ્લાઉઝ પર
ગોળ ગોળ ચકરાવાયે લઈ જુએ!

પાછી આ લુચ્ચી
ક્યાંક બગીચામાં ઝાડની ઓથે લપાઈ
અજાણ્યાં કો' બે જણની મધમીઠી વાતોય ચાખી લે,
અને ભરી બજાર વચ્ચે રૂપાળી પૂંછલડી હલાવતી
ટગુમગુ ટગુમગુ આંખો નચાવતી
ભેળ ખાતી
ને ગોળો ચૂસતી
કૂદતી ને નાચતી
હસતી ને ગાતી

ભૂખરા એકાંતની ઠંડી હવાથી ડરીને
ગરમ કપડાંની દુકાન તરફ ભાગે છે ત્યારે,
સાચું કહું? મને હસવું આવે છે.

ભોળીભટાક ઉંદરડી!
એને ક્યાં જાણ છે કે એણે એ જોયું તે તો ઉંદરિયામાં જ જોયું છે.
ઉંદરડી ક્યાંય ગઈ નથી;
એ ઉંદરિયામાં જ છે,
મારા જ ઉંદરિયામાં.

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૧૨૩)*

## બેસ, બેસ, દેડકી!

બેસ, બેસ, દેડકી!
ગાવું હોય તો ગા,
ને ખાવું હોય તો ખા;
નહીં તો જા...
મારે પાંચ શેર કામ
ને અધમણ આરામ બાકી છે.

તું તો બોલ્યા કરે,
ને આકાશ પેટમાં ફુલાવ્યા કરે!...
મારે તો સાત લાખ સપનાં
ને વીસ લાખ વાસના બાકી છે.

તું તારે ડોલ્યા કર,
ને ગળ્યા કર જીવડાં...
મારે તો અનંત ગાઉનાં મરવાં
ને અનંત ગાઉનાં જનમવાં બાકી છે.

બેસ, બેસ, દેડકી! મૂગી!
ખા તારે ખાવું હોય તો,
નહીંતર ભાગ અહીંથી કૂદતી કૂદતી!...
મારે તો સાત પગથિયાં ઊતરવાં
ને સાત પગથિયાં ચઢવાં બાકી છે.
દેડકી! ડાહી થા,
મળે તે ખા,
સૂઝે તે ગા
ને નહીંતર જા... પાવલો પા...

*(પવન રૂપેરી, ૧૯૭૨, પૃ. ૧૨૫)*